# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 02-08-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

---

- ✓ રાષ્ટ્રપતિએ જણાવ્યું છે કે, વિવિધ કેન્દ્રીય એજન્સીઓ તમામ રાજ્યોમાં વધુ સારા સંકલન સાથે કામ કરે તે મહત્વપૂર્ણ છે.
- ✓ કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું છે કે, નીટ યુજી પરીક્ષા અંગે સર્વોચ્ચ અદાલતે કરેલા અવલોકનથી કેન્દ્ર સરકારના વલણને સમર્થન મળ્યું છે.
- ✓ માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગને આજે જણાવ્યું હતું કે, સરકારે અત્યાર સુધીમાં 18 OTT પ્લેટફોર્મ સામે પગલાં લીધાં છે.
- ✓ દેશમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ એક લાખ ત્રણ હજાર કિલોમીટરથી વધુ રસ્તાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- ✓ પેરિસ ઓલિમ્પિકના સાતમા દિવસે, તીરંદાજ અંકિતા ભગત અને ધીરજ બોમ્માદેવરાએ ઇન્ડોનેશિયાને 5-1થી હરાવીને મિશ્ર ટીમ ઇવેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PREZ- GOVERNORS CONFERENCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં રાજ્યપાલોના બે દિવસીય સંમેલનનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આ પરિષદમાં પસંદ કરાયેલ મુદ્દાઓ રાષ્ટ્રીય લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે નિર્ણાયક છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ફોજદારી ન્યાય સંબંધિત ત્રણ નવા કાયદાના અમલીકરણ સાથે દેશમાં ન્યાય વ્યવસ્થાના નવા યુગની શરૂઆત થઈ છે. તેમણે જણાવ્યું હતું લોકશાહીના સુચારૂ કાર્ય માટે, તેમણે રાજ્યપાલોને સલાહ આપી કે

તેઓ સંબંધિત રાજ્યોના બંધારણીય વડા તરીકે આ સંકલનને કેવી રીતે પ્રોત્સાહન આપી શકે તે વિશે વિચારે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ એ અમૂર્ત સંપત્તિ છે કારણ કે તે વ્યક્તિગત વિકાસ અને સામાજિક પરિવર્તન તેમજ નવીનતા અને આર્થિક પ્રગતિને પ્રોત્સાહન આપે છે.

રાષ્ટ્રપતિએ એમ પણ કહ્યું કે સરકાર ગરીબો, સરહદી વિસ્તારો, વંચિત વર્ગો અને વિસ્તારોના વિકાસને સૌથી વધુ પ્રાધાન્ય આપી રહી છે..

કોન્ફરન્સને સંબોધતા ઉપપ્રમુખ જગદીપ ધનખરે છેલ્લા દાયકામાં થયેલા સામાજિક કલ્યાણ યોજનાઓ અને વિકાસ વિશે લોકોને જાગૃત કરવાની તેમની બંધારણીય જવાબદારી નિભાવવા રાજ્યપાલોને વિનંતી કરી હતી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યપાલોને કેન્દ્ર અને રાજ્ય વચ્ચે અસરકારક સેતુની ભૂમિકા ભજવવા અને વંચિત લોકોને સહકાર આપવા વિનંતી કરી હતી.

## PRADHAN---SC

કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું છે કે, નીટ યુજી પરીક્ષા અંગે સર્વોચ્ચ અદાલતે કરેલા અવલોકનથી કેન્દ્ર સરકારના વલણને સમર્થન મળ્યું છે. સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે, નીટ યુજી પરીક્ષા પધ્ધતિના નિર્ધારીત નિયમોનો ભંગ થયો હોય તેવું જણાવ્યું નથી આથી પુનઃ પરિક્ષાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શિક્ષણમંત્રીએ સોશ્યલ મિડિયા પર જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર પારદર્શક, હસ્તક્ષેપ વિનાની અને કોઇપણ ખામી વિનાની પરીક્ષા પધ્ધતિ માટે કટિબદ્ધ છે. આ હેતુથી નિષ્ણાતો દ્વારા કરાયેલી ભલામણોનો અમલ કરાશે.

મંત્રીએ કહ્યું કે સર્વોચ્ચ અદાલતના અવલોકન અને આદેશથી આ પરિક્ષા અંગે કરાતા અપપ્રચારનો નિષેધ થય્ છે. તેમણે સખત પરિશ્રમ કરતાં વિદ્યાર્થીના હિતોનું રક્ષણ કરવા બદલ સર્વોચ્ચ અદાલતનો આભાર માન્યો હતો.

શ્રી પ્રધાને કહ્યું કે, કેન્દ્ર સરકાર સર્વોચ્ચ અદાલતના પરિક્ષાને લગતા ચૂકાદાનો અક્ષરસઃ અમલ કરશે.

## RS- PRIVATE RESOLUTION  NEET

રાજયસભાએ ડીએમકેના એમ.મોહંમદ અબ્દુલ્લા દ્વારા રજૂ કરાયેલા નીટ અને એનટીએ સંસ્થા અંગેના ખાનગી વિધેયક ઉપર આજે ચર્ચા હાથ ધરી છે. શ્રી અબ્દુલ્લાએ નીટ અને એનટીએ રદ કરીને તબીબી અભ્યાસક્રમોમાં રાજય સરકારના નિયમો અનુસાર પ્રવેશ આપવાની જોગવાઇ ધરાવતું વિધેયક ગૃહમાં રજૂ કર્યું છે.

આ ચર્ચામાં ભાગ લેતા કેન્દ્રિય આરોગ્યમંત્રી જે.પી.નડ્ડાએ જણાવ્યું હતું કે, પધ્ધતિસરની રાષ્ટ્રીય કક્ષાની નીટ પરીક્ષા દ્વારા તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવામાં આવેલ છે. આ પરીક્ષા પદ્ધતિ દ્વારા ગ્રામીણ અને દૂર અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓને તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ મળતો હોવાથી શ્રી નડ્ડાએ આ પદ્ધતિને ઓછી નહીં આંકવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, અગાઉ વિદ્યાર્થીઓને એકથી વધુ પરિક્ષાઓ આપવી પડતી હતી. જેમાં સમય અને પૈસાનો વ્યય થતો હતો.

અગાઉ ડીએમકેના એમ.અબ્દુલ્લાએ નીટ પરીક્ષામાં પેપર ફૂટવાનો ઉલ્લેખ કરીને આ પરીક્ષા સામાજીક ન્યાયના સિદ્ધાંતના વિરોધમાં હોવાનો આક્ષેપ કર્યો હતો. આ ચર્ચામાં કોંગ્રેસના શક્તિસિંહ ગોહીલ સહિત વિવિધ સભ્યોએ ભાગ લીધો હતો. આ પરીક્ષાની ચર્ચા હજી પણ અધૂરી છે.

## RS-OTT

માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગને આજે જણાવ્યું હતું કે, સરકારે અત્યાર સુધીમાં 18 OTT પ્લેટફોર્મ સામે પગલાં લીધાં છે. OTT પ્લેટફોર્મ પર ડિજિટલ પાઈરેસી પર આજે રાજ્યસભામાં પૂરક જવાબ આપતા, શ્રી મુરુગને જણાવ્યું હતું કે, OTT સામગ્રીઓ પર દેખરેખ રાખવા માટે માર્ગદર્શિકા પહેલાથી જ અમલમાં છે. તેમણે જણાવ્યું હતું કે OTT પ્લેટફોર્મમાં ઉમરની યોગ્યતાને લગતા સામગ્રી પ્રમાણીકરણ પર સરકારનું કોઈ નિયંત્રણ નથી. મંત્રીએ કહ્યું કે, વાલીઓના માર્ગદર્શન સાથે સામગ્રી વર્ગીકરણ માટે સ્વ-પ્રમાણપત્ર મૂકવામાં આવ્યું છે.

## RS-ROAD

દેશમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ એક લાખ ત્રણ હજાર કિલોમીટરથી વધુ રસ્તાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગ્રામીણ વિકાસ મંત્રી, શિવરાજ સિંહ ચૌહાણે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં કહ્યું કે એપ્રિલ 2021 થી ઉત્તર પ્રદેશમાં 16 હજાર કિલોમીટરથી વધુ અને

મધ્ય પ્રદેશમાં 9 હજાર 295 કિલોમીટરથી વધુ રસ્તાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે આ યોજના હેઠળ આ જ સમયગાળામાં દેશભરમાં કુલ 17 હજાર નવસો 49 રસ્તાઓ અને ત્રણ હજાર પાંચસો નવ પુલનું નિર્માણ કરવામાં આવ્યું છે. શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે 25 હજાર ગ્રામીણ નગરોને સર્વ-હવામાન પરિવહન સુવિધાઓ પૂરી પાડવા માટે યોજનાનો ચોથો તબક્કો શરૂ કરવામાં આવશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો...**

## RS--AGRICULTURE-AND-FARMERS

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે દેશમાં 2023-24 દરમિયાન અનાજનું ઉત્પાદન વિક્રમજનક ત્રણસો ઓગણત્રીસ કરોડ ટનથી ઉપર જવાની ધારણા છે.. તેમણે કહ્યું કે કઠોળનું ઉત્પાદન વધારવા માટે પણ ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા છે.

સરકાર દેશના ખેડૂતોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. તેમના મંત્રાલયના કામકાજ પરની ચર્ચાના જવાબમાં તેમણે કહ્યું કે આ વર્ષના બજેટમાં ખેડૂતોના કલ્યાણ માટે પૂરતી બજેટ ફાળવણી કરવામાં આવી છે. શ્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે કૃષિ કાર્યો માટે 1 લાખ 32 હજાર કરોડ રૂપિયાથી વધુની ફાળવણી કરવામાં આવી છે, જે વર્ષ 2013-14માં ફાળવવામાં આવેલા નાણાં કરતાં 27 હજાર કરોડ રૂપિયાથી વધુ છે.

કૃષિ મંત્રીએ કહ્યું છે કે સરકાર સિંચાઈના કામો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, શ્રી ચૌહાણે કહ્યું કે સરકાર 1 લાખ 95 હજાર કરોડ રૂપિયાથી વધુની ખાતર સબસિડી પૂરી પાડી રહી છે.

## IT RETURN

આવકવેરાની આ વર્ષની વિક્રમી આવક થઇ છે.. આકારણી વર્ષ **2024-25** માટે **31**મી જુલાઈ સુધી રેકોર્ડ **7.28** કરોડ આવકવેરા રિટર્ન ફાઇલ કરવામાં આવ્યા છે.. નવી કર વ્યવસ્થામાં **5.27** કરોડ આવકવેરા રિટર્ન ફાઇલ કરવામાં આવ્યા છે.. **31** જુલાઈના રોજ એક જ દિવસે **69.92**

લાખથી વધુ ઈન્કમટેક્ષ રીટર્ન ફાઇલ કરવામાં આવ્યા હતા..જેમાં 31 જુલાઇ સુધીમાં આવકવેરા રિટર્ન પ્રથમ વખત ફાઇલ કરનારા 58.57 લાખ કરદાતા સામેલ છે..

ગત આકારણી વર્ષના કુલ આવકવેરા રિટર્ન કરતા 7.5 ટકા વધુ છે.

## PRESIDENT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 5 થી 10 ઓગસ્ટ દરમિયાન ફિજી, ન્યુઝીલેન્ડ અને તિમોર-લેસ્ટેની ત્રણ દેશોની મુલાકાતે જશે. આજે બપોરે દિલ્હીમાં મીડિયાને સંબોધતા સચિવ જયદીપ મઝુમદારે કહ્યું કે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ફિજી અને તિમોર લેસ્ટેની આ પ્રથમ મુલાકાત હશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની પૂર્વ તરફના દેશોની નીતીની જાહેરાત કરી છે ત્યારથી દક્ષિણ પૂર્વ એશિયા અને પ્રશાંત મહાસાગર ક્ષેત્ર ઉપર ભારતે ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

રાષ્ટ્રપતિ મુર્મુ 5 થી 7 ઓગસ્ટ દરમિયાન મુલાકાતના પ્રથમ તબક્કામાં ફિજીની મુલાકાત લેશે. રાષ્ટ્રપતિ મુર્મુ તેમના પ્રવાસના બીજા તબક્કામાં 8મી અને 9મી ઓગસ્ટે ન્યુઝીલેન્ડના પ્રવાસે જશે. પ્રવાસના છેલ્લા તબક્કામાં, રાષ્ટ્રપતિ મુર્મુ 10મી ઓગસ્ટે તિમોર-લેસ્ટેની મુલાકાત લેશે અને રાષ્ટ્રપતિ જોસ રામોસ-હોર્ટા સાથે દ્વિપક્ષીય બેઠક કરશે

## OLYMPICS---DAY-7-SCHEDULE

પેરિસ ઓલિમ્પિકમાં સાતમા દિવસે, તીરંદાજ અંકિતા ભગત અને ધીરજ બોમ્માદેવરાએ ઇન્ડોનેશિયાને 5-1થી હરાવ્યું અને મિશ્ર ટીમ ઇવેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

શૂટિંગમાં મનુ ભાકર મહિલાઓની 25 મીટર પિસ્તોલ સ્પર્ધાની ફાઇનલમાં પહોંચ્યા છે.. અનંતજીત સિંહ નારુકા પણ પુરૂષોની સ્કીટમાં પડકારરૂપ રમી રહ્યા છે.

હોકીમાં ભારત ઓસ્ટ્રેલિયા સાથે સ્પર્ધા કરી રહ્યું છે. ભારત બે શૂન્યથી આગળ છે. આ ગોલ અભિષેકે કર્યો હતો જ્યારે બીજો ગોલ હરમનપ્રીતે પેનલ્ટી કોર્નર પર કર્યો હતો. ભારત પહેલા જ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગયું છે.

તીરંદાજીની મિશ્ર ટીમ ઈવેન્ટમાં ધીરજ બોમ્માદેવરા અને અંકિતા ભગતની જોડીનો મુકાબલો ઈન્ડોનેશિયાના દયાનંદ કોઈરુનિસા અને આરીફ પંગેસ્તુ સામે થશે.

જુડોમાં, 78 કિગ્રાથી વધુ વજન વર્ગમાં, તુલિકા માન 32 રાઉન્ડમાં હારીને બહાર થયા છે.

રોઈંગ, પુરુષોની સિંગલ સ્કલ્સમાં, બલરાજ પવારે ફાઈનલ ડીમાં પાંચમું સ્થાન મેળવ્યું અને 23માં સ્થાને પોતાનું અભિયાન પૂરું કર્યું.

એથ્લેટિક્સમાં, પારુલ ચૌધરી રાત્રે 9.30 વાગ્યાથી મહિલાઓની 5,000 મીટર ક્વોલિફિકેશન રાઉન્ડમાં ભાગ લેશે.

## LS-COVID-CHILDREN

પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન યોજના હેઠળ ચાર હજાર પાંચસો 32 બાળકોને લાભ મળ્યો છે. આ યોજનાનો ઉદ્દેશ્ય એવા બાળકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે કે જેમના માતા-પિતા કોવિડ-19 રોગચાળામાં મૃત્યુ પામ્યા છે. આજે લોકસભામાં એક લેખિત જવાબમાં મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું હતું કે આ યોજના હેઠળ મહારાષ્ટ્રના 855થી વધુ બાળકો, ઉત્તર પ્રદેશના 467 અને મધ્ય પ્રદેશના 433 બાળકોએ આ યોજનાનો લાભ લીધો છે.

## LS-DENGUE

આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી પ્રતાપરાવ જાધવે આજે લોકસભામાં જણાવ્યું હતું કે વર્ષ 2024માં અત્યાર સુધીમાં દેશભરમાં ડેન્ગ્યુના કુલ 32 હજારથી વધુ કેસ નોંધાયા છે. લેખિત જવાબમાં તેમણે કહ્યું કે 2023ના સમાન સમયગાળામાં ડેન્ગ્યુના કુલ 18 હજાર 391 કેસ નોંધાયા હતા. શ્રી જાધવે જણાવ્યું હતું કે સરકાર અને સંબંધિત એજન્સીઓ દેશમાં ડેન્ગ્યુ ફાટી નીકળવાની સ્થિતિની નિયમિત સમીક્ષા અને દેખરેખ કરી રહી છે.

## KEDARNATH RESCUE

તીર્થધામ કેદારનાથમાં વરસાદ અને ભેખડો ધસી પડવાના બનાવોના કારણે અટવાયેલા ગુજરાતના 17 યાત્રિકોને ગણતરીના કલાકોમાં બચાવી લેવામાં આવ્યા છે. રાજયના તમામ યાત્રિઓ સહીસલામત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તરાખંડ એસ.ઈ.ઓ.સી.નો સંપર્ક સાધી તાત્કાલીક બચાવ વ્યવસ્થા કરાવી હતી.

કેદારનાથ ધામની યાત્રાએ ગયેલા રાજયના 17 યાત્રીકો વરસાદ અને ભેખડો ધસી પડવાના બનાવોના કારણે લિન્ચોલી નજીક અટવાયા હતા. વાતાવરણ અનુકૂળ થતાં જ

ગુજરાતના આ બધા જ યાત્રિકોને હેલિકોપ્ટર દ્વારા એર લિફ્ટ કરીને ગણતરીના કલાકોમાં જ સહિ સલામત નીચે સુરક્ષિત સ્થળે પહોંચાડી દેવામાં આવ્યા છે.

## RS-BULLET-TRAIN

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે જાપાનના સહયોગથી નિર્માણાધીન અમદાવાદ અને મુંબઈ વચ્ચેના દેશના પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ હાલ ઝડપથી ચાલી રહ્યું છે. આજે રાજ્યસભામાં પૂરક પ્રશ્નોના જવાબમાં મંત્રીએ જણાવ્યું હતું કે, 320 કિમીનો પટ્ટો પહેલેથી જ પૂર્ણ થઈ ગયો છે